# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-03-2024** **Midday : 1.20 to 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

- વિદેશમંત્રી ડૉ. એસ જયશંકર નવી દિલ્હીમાં યુક્રેનના વિદેશમંત્રી દિમિત્રો કુલેબા સાથે બેઠક કરી રહ્યા છે.
- દેશના આઠ મોટા ઉદ્યોગોના સંયુક્ત સૂચકાંકમાં ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે ફેબ્રુઆરીમાં 6.7 ટકાનો વધારો નોંધાયો..
- આજે સમગ્ર વિશ્વમાં ગુડ ફ્રાઈડે એટલે કે ભલો શુક્રવાર મનાવવામાં આવી રહ્યો છે.
- ઇઝરાયેલે સિરીયાના અલેપ્પો શહેર ઉપર કરેલા હમલામાં હિઝબુલ્લાના 5 સભ્યો સહિત 38 લોકોના મોત..
- IPLમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનો મુકાબલો કોલકાતા નાઈટ રાઈડર્સ સાથે થશે.

..........................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## JAISHANKAR UKRAINE FM

વિદેશમંત્રી ડૉ. એસ જયશંકર નવી દિલ્હીમાં, યુક્રેનના વિદેશમંત્રી  દિમિત્રો કુલેબા સાથે બેઠક કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, બંને મંત્રીઓ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર દ્વિપક્ષીય ભાગીદારી અને સહયોગ સંબંધિત બાબતો પર ચર્ચા કરે તેવી શક્યતા છે. યુક્રેનના વિદેશ મંત્રી ગઈકાલે, બે દિવસની ભારતની મુલાકાતે આવ્યા છે.

## PM-BILL GATES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર એ એક મોટી જરૂરિયાત છે અને સરકાર તમામ ગામડાઓને ડિજિટલ સુવિધાઓ પૂરી પાડી રહી છે.

બિલ ગેટ્સ સાથેની વાતચીતમાં શ્રી મોદીએ કહ્યું કે કૃષિ, આરોગ્ય અને શિક્ષણમાં, ટેકનોલોજી મોટી ભૂમિકા ભજવી શકે છે.

સરકાર વિવિધ સમુદાયોમાં ઉભરતી પ્રતિભાઓને તકો પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે.  તેમણે કહ્યું કે ડેટા સુરક્ષા આજે પણ ચિંતાનો વિષય છે. શ્રી મોદીએ કહ્યું કે ભારતમાં મહિલાઓ નવી ટેકનોલોજી અપનાવવા માટે સ્વતંત્ર છે.

AI ના દુરુપયોગ અંગે ચિંતા વ્યક્ત કરતા શ્રી મોદીએ કહ્યું કે જો AI યોગ્ય તાલીમ વિના કોઈને આપવામાં આવે તો તેનો દુરુપયોગ થવાની સંભાવના છે.

પુનઃપ્રાપ્ય ઉર્જા અંગે શ્રી મોદીએ કહ્યું કે ભારત આ ક્ષેત્રમાં ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે અને દેશ ગ્રીન હાઇડ્રોજનમાં પ્રગતિ કરવા માંગે છે.

## MP-NOMINATIONS

મધ્યપ્રદેશમાં લોકસભાની છ બેઠકોની ચૂંટણીના પ્રથમ તબક્કા માટે 107 ઉમેદવારી પત્રો માન્ય ઠર્યા છે.. જ્યારે છ ઉમેદવારોના ઉમેદવારી પત્રો નામંજૂર થયા છે. ઉમેદવારો આવતીકાલ સુધી તેમની ઉમેદવારી પરત ખેચી શકશે.

મધ્યપ્રદેશના સીધી, શહડોલ, જબલપુર, મંડલા, બાલાઘાટ અને છિંદવાડામાં 19મી એપ્રિલે મતદાન થશે. 4 જૂને મતગણતરી હાથ ધરાશે.

## ASSAM CAMPAIGN

આસામમાં, વિવિધ રાજકીય પક્ષોના કેન્દ્રીય નેતાઓના આગમન સાથે ચૂંટણી પ્રચાર વેગ પકડી રહ્યો છે. પ્રધાનમંત્રી અને પક્ષના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા, પક્ષના વરિષ્ઠ નેતાઓ અમિત શાહ, અર્જુન મુંડા, સ્મૃતિ ઈરાની અને અન્ય નેતાઓ તેમના ઉમેદવારો માટે પ્રચાર કરશે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા અને પાર્ટીના નેતા સર્બાનંદ સોનોવાલ રાજ્યમાં પ્રચાર કરી રહ્યા છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સાંસદ રાહુલ ગાંધી, પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ બુપેન બોરા સહિત અન્ય નેતાઓ તેમના ઉમેદવારો માટે પ્રચાર કરશે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને

ટીએમસીના વડા મમતા બેનર્જી બીજા તબક્કામાં આસામમાં પાર્ટીના પ્રચારનું નેતૃત્વ કરશે. AAP, BPF, આસોમ ગણ પરિષદ, UPPL પણ તેમના વરિષ્ઠ નેતાઓ સાથે મતદારોને આકર્ષવાના પ્રયાસો કરી રહ્યા છે. આસામમાં 14 બેઠકો માટે ત્રણ તબક્કામાં મતદાન થશે.

## REV. J&K-STATE PROFILE

જમ્મુ અને કાશ્મીરમાં ચૂંટણી પંચ દ્વારા પાંચ લોકસભા મતવિસ્તારો માટે મુક્ત, ન્યાયી અને સરળ મતદાન સુનિશ્ચિત કરવા વિસ્તૃત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે.

અહી પાંચ તબક્કામાં મતદાન થશે. ઉધમપુર સંસદીય બેઠક માટે પ્રથમ તબક્કાનું મતદાન 19 એપ્રિલે થશે. જમ્મુ સંસદીય ક્ષેત્ર માટે બીજા તબક્કામાં 26 એપ્રિલે ચૂંટણી યોજાશે.

ઉધમપુર સંસદીય બેઠક માટે અત્યાર સુધીમાં ભાજપ, કોંગ્રેસ, ડીપીએપી અને અન્ય સહિત મુખ્ય પક્ષોના 15 ઉમેદવારો દ્વારા ઉમેદવારી પત્ર ભરવામાં આવ્યું છે. ભાજપના વરિષ્ઠ નેતા ડૉ. જીતેન્દ્ર સિંહ અને કોંગ્રેસના નેતા ચૌધરી લાલ સિંહ સહિત કેટલાક નેતાઓ પ્રથમ તબક્કામાં ચુંટણી લડશે. બીજા તબક્કા માટે 28 માર્ચે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું, જેમાં અપક્ષો ઉપરાંત ઘણા પ્રાદેશિક તેમજ રાષ્ટ્રીય પક્ષો ઉમેદવારી પત્રો ભરે તેવી શક્યતા છે.

## CORE SECTOR

દેશના આઠ મોટા ઉદ્યોગોના સંયુક્ત સૂચકાંકમાં ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે ફેબ્રુઆરીમાં 6.7 ટકાનો વધારો થયો છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે આ વર્ષે ફેબ્રુઆરીમાં કોલસો, કુદરતી ગેસ, સિમેન્ટ, સ્ટીલ, ક્રૂડ ઓઇલ, પાવર અને રિફાઇનરી ઉત્પાદનોમાં સકારાત્મક વૃદ્ધિ નોંધાઈ છે.. આ ત્રણ મહિનામાં સૌથી વધુ વધારો છે.

ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ફેબ્રુઆરીમાં સિમેન્ટનું ઉત્પાદન 10.2 ટકા વધ્યું છે. કોલસાના ઉત્પાદનમાં 11.6 ટકા, ક્રૂડ ઓઇલનું 7.9 ટકા અને વીજળીનું ઉત્પાદન 6.3 ટકા વધ્યું છે. કુદરતી ગેસના ઉત્પાદનમાં 11.3 ટકા, પેટ્રોલિયમ રિફાઇનરીમાં 2.6 ટકા અને સ્ટીલ ઉત્પાદનમાં 8.4 ટકાનો વધારો થયો છે.

ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે ખાતરના ઉત્પાદનમાં 9.5 ટકાનો ઘટાડો નોંધાયો હતો. આઠ મોટા ઉદ્યોગોના સંયુક્ત સૂચકાંકમાં ગયા વર્ષે ડિસેમ્બરમાં 4.9 ટકા અને આ વર્ષે જાન્યુઆરીમાં 4.1 ટકાનો વધારો થયો હતો.

## GOOD FRIDAY

આજે સમગ્ર વિશ્વમાં ગુડ ફ્રાઈડે  એટલે કે ભલો શુક્રવાર મનાવવામાં આવી રહ્યો છે. આજના દિવસે  ઈસુ ખ્રિસ્તને  વધસ્તંભ પર જડી દેવામાં આવ્યા હતા.  ઇસુ ખ્રિસ્તે  સમગ્ર માનવજાતના પાપોની માફી માટે તેમના જીવનનું બલિદાન આપ્યું હતું.  તેની યાદગીરી રૂપે આજે ચર્ચમાં પ્રાર્થનાઓ યોજાઇ રહી છે. ખ્રિસ્તી ભાઈબહેનો આજે ચર્ચમાં એકત્ર થઈને  પ્રાર્થના સભાઓમાં ભાગ લેશે. ગુડ ફ્રાઈડે  બાદ ત્રીજા દિવસે એટલેકે  રવિવારે ઇસ્ટર સન્ડેની ઉજવણી થશે. આ દિવસે  ઇસુ ખ્રિસ્ત મુએલા માંથી  પુનરુત્થાન પામ્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુડ ફ્રાઈડેના દિવસે ઈસુ ખ્રિસ્તના બલિદાનને યાદ કરતાં આશા વ્યક્ત કરી કે પ્રત્યેક વ્યકિતને તેમની અનુકંપા અને બીજાઓને ક્ષમા આપવાની ઈસુ ખ્રિસ્તની શીખ પ્રેરણા આપતી રહેશે.

## ISRAEL-SYRIA STRIKE

ઇઝરાયેલે સીરિયાના અલેપ્પો શહેર પર આજે વહેલી સવારે કરેલા હુમલામાં લેબનીઝ સશસ્ત્ર જૂથ હિઝબુલ્લાહના પાંચ સભ્યો સહિત 38 લોકો માર્યા ગયા છે. સીરિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, ઇઝરાયલના હવાઈ હુમલામાં અલેપ્પોના ગ્રામ્ય વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા હતા જેમાં સંખ્યાબંધ નાગરિકો અને સૈન્ય કર્મચારીઓ માર્યા ગયા છે.

## ICJ-GAZA

આંતરરાષ્ટ્રીય અદાલતે ઇઝરાયેલને ગાઝામાં તાત્કાલિક ખાદ્ય પુરવઠો પહોંચાડવાના અસરકારક પગલાં લેવાનો આદેશ આપ્યો છે. ગાઝામાં પેલેસ્ટિનિયનો ગંભીર પરિસ્થિતિનો સામનો કરી રહ્યા હોવાનું અદાલતે કહ્યું હતું. ગાઝામાં દુકાળ અને ભૂખમરાની સ્થિતિ છે.

## DoT- CALLS

દુરસંચાર વિભાગે નાગરિકોને થતી છેતરપિંડી અંગે સાવચેત રેહવા માટે એક માર્ગદર્શિકા બહાર પાડી છે. વિભાગે, વિદેશી WhatsApp નંબરોથી થતી છેતરપિંડી વિશે પણ લોકોને જાગૃત કર્યા છે.

વિભાગે એક નિવેદનમાં કહ્યું છે કે સાયબર ગુનેગારો સાયબર અપરાધ અથવા નાણાકીય છેતરપિંડી કરવા માટે આવા કોલ દ્વારા

વ્યક્તિગત માહિતી મેળવવાનો કરવાનો પ્રયાસ કરે છે. વિભાગે કહ્યુ છે કે, તેના દ્વારા આવા કૉલ્સ કરવામાં આવતાં નથી અને તેથી લોકોને સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી છે અને આવા કૉલ્સ આવવાના કિસ્સામાં કોઈપણ માહિતી શેર ન કરવા માટે કહેવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે લોકોને દુરસંચાર વિભાગ તરફથી તેમના મોબાઈલ નંબર બંધ કરી દેવા અથવા તો તેમનો મોબાઈલ નંબરનો કેટલીક ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે દુરુપયોગ થઈ રહ્યો હોવાના ફોન કોલ્સ આવી રહ્યાની ફરિયાદ થઈ રહી છે.

# IPL RESULT

IPLમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનો મુકાબલો કોલકાતા નાઈટ રાઈડર્સ સાથે થશે. આ મેચ સાંજે 7.30 કલાકે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાશે.

દરમ્યાન ગઇકાલે રમાયેલી એક મેચમાં રાજસ્થાન રોયલ્સે દિલ્હી કેપિટલ્સને 12 રને પરાજય આપ્યો હતો. જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. રાજસ્થાન રોયલ્સે 20 ઓવરમાં પાંચ વિકેટે રિયાન પરાગના અણનમ 84 રનની મદદથી 185 રન બનાવ્યા હતા. 186 રનના લક્ષ્યાંકના જવાબમાં દિલ્હી કેપિટલ્સ 5 વિકેટે 173 રન જ બનાવી શકી હતી. રિયાન પરાગને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

# J&K-NATIONAL HIGHWAY

જમ્મુથી શ્રીનગર જઈ રહેલું એક વાહન આજે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર રામબન જિલ્લામાં બેટરી ચેશ્મા નજીક ઊંડી ખીણમાં ખાબકતાં ઓછામાં ઓછા દસ લોકોનાં મોત થયાં છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે શ્રમિકોને લઈ જતું એક વાહન ઊંડી ખીણમાં ખાબકતાં આ અકસ્માત સર્જાયો હતો. ઉલ્લેખનીય છે કે સ્થાનિક અધિકારીઓ અકસ્માત સ્થળે પહોંચી ગયા હતા. અત્યાર સુધીમાં, 10 મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકો પ્રત્યે શોક વ્યક્ત કર્યો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, રાષ્ટ્રપતિએ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

## SOUTH AFRICA-BUS MISHAP

દક્ષિણ આફ્રિકાના ઉત્તરીય પ્રાંત લિમ્પોપોમાં બસ અકસ્માતમાં 45 લોકોના મોત થયા છે. ડ્રાઇવરે બસ પરનો કાબૂ ગુમાવી દેતા આ બનાવ બન્યો હતો. આ બસ બોત્સ્વાનાથી લિમ્પોપો શહેર જઇ રહી હતી. અકસ્માતમાં માત્ર 8 વર્ષનો બાળક બચી ગયો હતો, જેની નજીકની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે.